ક્રમાંકઃપ્રાશિનિ./નીતિ/ક/૧૨/૨૫૯-૩૫૯
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ડૉ.જી.મ.ભવન બ્લોકનં.૧૨/૧
ગુ.રા.ગાંધીનગર તા.૧૯/૧/૧૨

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ, (તમામ)
- શાસનાધિકારીશ્રી,
નગર શિક્ષણ સમિતિ, (તમામ)

વિષયઃ- વિદ્યાસહાયકોના અસલ પ્રમાણપત્રો પરત આપવા બાબત.
સંદર્ભઃ- (૧) આ કચેરીનો પત્રક્રમાંકઃપ્રાશિનિ/૨૦૦૭/ક/૬૯૧૯-૬૮ તા.૨૩/૭/૨૦૦૭
(૨) આ કચેરીની સીંગલ ફાઈલનં.પ્રાશિનિ/નીતિ/વિ.સ./૨૦૧૧/ક/૨૧ ઉપર સચિવશ્રી (પ્રા.શિ.)એ આપેલ આદેશ.

ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, આ કચેરીના સંદર્ભ-(૧) માં દર્શાવેલ પત્ર અન્વયે ઉમેદવારની ભરતી થાય તેના અસલ પ્રમાણપત્રો જે તે શિક્ષણ સમિતિએ વિદ્યાસહાયક પૂર્ણ પગારમાં આવે ત્યાં સુધી રાખવા અને જો કોઇ ઉમેદવારને ઉચ્ચ જગ્યા માટે અરજી કરવા કે ઇન્ટરવ્યું માટે માંગણી કરે તો બાહેંધરી મેળવી કામચલાઉ ધોરણે પરત જમા કરાવવાની શરતે નિયત સમય માટે આપવા અંગેની સૂચનાઓ આપવામાં આવેલ હતી.

હવે રાજ્ય સરકાર દ્વારા વિદ્યાસહાયકોની ભરતી કેન્દ્રીકૃત રીતે કરવાનો નિર્ણય કરેલ છે. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવે છે. હાલ વિદ્યાસહાયક તરીકે ફરજ બજાવતા હોય તેવા વિદ્યાસહાયકો જો રાજીનામું આપે અથવા વિદ્યાસહાયકનો પુરા પગારમાં સમાવેશ કરવામાં આવે ત્યારે અસલ પ્રમાણપત્રો પરત આપવામાં આવે છે. તેવા સંજોગોમાં તેમા ફેરફાર કરી હવે વિદ્યાસહાયકોની ભરતી થયા બાદ ઉમેદવારના અસલ પ્રમાણપત્રો જે તે જિલ્લા/નગર શિક્ષણ સમિતિ પાસે જમા ન રાખતાં, તમામ વિદ્યાસહાયકોના અસલ પ્રમાણપત્રો/માર્કશીટની બે માસમાં ચકાસણી કરાવીને અસલ પ્રમાણપત્રો/માર્કશીટ પરત આપવા આથી સૂચના આપવામાં આવે છે.

પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

૫૮૯

D:\2012\D.P.E.O-12.doc

24 JAN 2012